
For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



સતત આગની હોનારતો છતાં તંત્રની ગુનાહિત બેદરકારીએ વધુ બે યુવતીનો ભોગ લીધો

# સિટીલાઇટ ખાતે જીમમાં આગ લાગતા ગુંગળામણથી બે યુવતીના મોત

## સિટી લાઈટ રોડ પર સાડા ત્રણ માળના શિવપૂજા અભિષેક કોમ્પલેક્ષના ત્રીજા માળે ચાલતા સનસિટી જીમમાં શોર્ટ સર્કિટથી આગ લાગી હતી

## આગે તેની ઉપર આવેલા અમૃતયા સ્પા એન્ડ સલૂનને ચપેટમાં લીધું અને યુવતીઓ બચવા માટે બાથરૂમમાં ભરાઈ જતાં ધુમાડો બંનેનો ભોગ લઈ ગયો

સુરતઃ રાજ્યમાં સતત આગની હોનારતો થતી હોવા છતાં પણ સરકારી તંત્રની બેદરકારીને કારણે આવી ઘટનાઓ બંધ થઈ નથી. આજે સુરતમાં લાભપાંચમના દિવસે જ પોશ વિસ્તાર મનાતા સિટીલાઇટ ખાતે ગૃહમંત્રી હર્ષ સંઘવીની ઓફિસની સામે જ શિવપૂજા અભિષેક બિલ્ડિંગમાં ફોર્ચ્યુન બેંક્વેટ હોલની ઉપર બિલ્ડીંગના ટોપ ફ્લોર પર ચાલતા જીમ અને સ્પા એન્ડ સલુનમાં પ્રાથમિક જાણકારી પ્રમાણે શોર્ટ સર્કિટને કારણે આગ લાગતા ગુંગળામણથી બે યુવતીના મોત થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં ફાયરની 10 ગાડીઓ સાથે અધિકારીઓએ દોડી જઈને બે કલાકની જહેમતે આગને કાબુમાં લીધી હતી. સ્પામાં કામ કરતી બંને યુવતી આગથી બચવા માટે બાથરૂમમાં દોડી ગઈ હતી

...અનુસંધાન પાના 5 પર





## પહેલા સાંજે આગ લાગી ત્યારે તેને ફાયરના સાધનોથી બુઝાવી દેવામાં આવી પણ દોઢેક કલાક બાદ ફરી આગ લાગી



આનંદકુમાર પાંડે (ફર્સ્ટ પર્સન)

સ્પાના હાઉસકીપર ચેતને સાંજે 5 કલાકે જોયું કે જીમના કેફે એરિયામાં શોર્ટસર્કિટથી આગ લાગી છે. શરૂઆતના તબક્કામાં હાઉસ કીપર અને વોચમેનએ 3 ફાયર એક્ષ્ટિંગ્વિસરથી આગ ઓલવી નાખી હતી. જોકે, બાદમાં સાંજે સાડા સાતેક વાગ્યાના સુમારે ફરી આગ લાગી હતી. આ આગ પ્રસરી ગઈ હતી અને જીમમાં ધુમાડાના ગોટેગોટા ફેલાઈ ગયા હતા. આગની ઘટનાના આશરે દોઢથી બે કલાક બાદ ફાયરની ગાડીઓ ઘટનાસ્થળે આવી હતી. ઘટનાસ્થળની પાસે પાંડે મોબાઈલ નામથી મોબાઈલની દુકાન ધરાવતા આનંદકુમાર પાંડેએ જણાવ્યું હતું કે, પોતે બાજુની ઝેરોક્ષની દુકાનમાં બેઠો હતો ત્યારે સાંજે 5 કલાકે જીમમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા હોવાનું દેખાયું હતું. જેને પગલે અમે બહાર દોડી ગયા હતા. પરંતુ થોડી વારમાં ધુમાડો બંધ થઈ ગયો હતો. બાદમાં થોડી વાર બાદ ફરી ધુમાડો શરૂ થઈ ગયો હતો.

## આગના સમયે રોજ 150થી વધુ લોકોની જીમમાં અવરજવર રહેતી, દિવાળીની રજા હોવાથી મોટી જાનહાનિ ટળી

આગની ઘટના જે સમયે બની તે સમયે રોજ જીમમાં 150થી વધુ લોકોની અવરજવર રહેતી હોય છે. આ સિવાય સાંજે 4થી 6 દરમિયાન નાના બાળકો માટે એથ્લેટિક્સની ટ્રેનિંગ પણ ચાલતી હોય છે.હાલમાં દિવાલીના વેકેશનને કારણે જીમ બંધ હતું. જેને કારણે મોટી હોનારત થતી અટકી ગઈ હતી. જો જીમ ચાલુ હોત તો મોટી દુર્ઘટના થઈ ગઈ હોત અને મોતનો આંકડો મોટો થઈ ગયો હોત.

## જીમ સંચાલક ગોરાટના જાણીતા ઉદ્યોગપતિનો નબીરો હોવાની ચર્ચા

સુરતઃ સિટીલાઇટ ખાતે ફોર્ચ્યુન નામની ઇમારતમાં જે જીમમાં આગ લાગી છે, તે જીમ પહેલેથી જ વિવાદીત હોવાની વિગતો ચર્ચામાં છે. અડાજણમાં જમીનનું મોટું કામ કરનાર એક લઘુમતિ સમાજના ઉદ્યોગપતિનો નબીરો આ જીમ ચલાવતો હોવાની ચર્ચા ઉઠી હતી. ગોરાટ રોડના આ નબીરાએ મહિને અઢી લાખ રૂપિયાના ભાડે આ જીમ લીધું હતું. આ મામલે ઉમરા પોલીસે જણાવ્યું કે હાલમાં તેઓ તપાસ કરી રહ્યા છે. પરંતુ પોલીસે ફાયરની એનઓસી રિન્યુ નહીં થઇ હોવાની વાતને અનુમોદન આપ્યું છે. આ ઉદ્યોગપતિ શહેરના મોટા માથાઓ સાથે સંપર્કમાં હોવાની વાત છે.

## ઓગષ્ટમાં ફાયર એનઓસી રિન્યુ માટેની નોટિસ અપાયા બાદ તપાસ જ કરાઈ નહોતી

આ ઘટનામાં ફાયર વિભાગની બેદરકારી વધુ એક વખત બહાર આવી છે. જ્યાં આગ લાગી તે શિવપૂજા અભિષેક બિલ્ડિંગમાં ત્રીજા માળે દોઢી હાઇટના સ્લેબ લઇને બનાવેલા માળમાં સનસિટી જીમ ચાલતું હતું. આ જીમમાં ગત ઓગષ્ટ માસમાં એટલે કે, રાજકોટની દુર્ઘટના બાદ ચેકિંગ કરવામાં આવ્યું ત્યારે તેની ફાયર એનઓસીની ડેટ પુરી થઇ ચૂકી હોવાથી એનઓસી રિન્યુ કરવા માટે નોટિસ પાઠવાઇ હતી પરંતુ ત્યાર બાદ શું થયું? ફાયર સેફ્ટીના નિયમોનો અમલ કરીને એનઓસી રિન્યુ કરવામાં આવી કે કેમ? તેની ફાયરના અધિકારીઓને કોઈ જાણ જ નથી.

## મને ધુમાડો દેખાયો એટલે તુરંત ફાયર કંટ્રોલમાં ફોન કર્યો : ફર્સ્ટ પર્સન આકાશ જયસવાલ

જીમ અને સ્પામાં આગ લાગવા બાબતે ફાયર કંટ્રોલમાં જાણ કરનાર આકાશ જયસવાલ નામના યુવાને મીડીયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે, હું પોણા સાત વાગ્યાની આસપાસ અહી મારા મિત્ર આવવાની રાહ જોઈ રહ્યો હતો ત્યારે કંઈક સળગ્યું હોય એવી સ્મેલ આવી રહી હતી. દરમિયાન અચાનક મારી નજર ઉપર ગઇ તો ફોર્ચ્યુન બેંક્વેટ હોલની ઉપર જીમમાંથી નિકળતા ધુમાડા દેખાયા હતા. હું દોડીને ત્યાં ગયો ત્યારે જાણવા મળ્યું કે, આગ લાગી છે. અને કોઇ ફસાયેલું છે તેથી મે તુરંત ફાયર વિભાગ અને 108માં ફોન કરીને ઘટના અંગે જાણ કરી હતી.

## છ માસ પહેલા જ જીમનું રિનોવેશન કરીને તમામ વેન્ટિલેશન બંધ કરી દેવામાં આવ્યા હતા

કહે છે કે આ જીમને એક બહુચર્ચિત બિલ્ડર દ્વારા ભાડેથી લેવામાં આવ્યું હતું અને તેમાં છ માસ પહેલા જ રિનોવેશન કરવામાં આવ્યું હતું. જ્યારે રિનોવેશન કરાયું ત્યારે તેમાં તમામ વેન્ટિલેશન બંધ કરી દેવામાં આવ્યા હતા. જીમની ઉપર જ સ્પા હોવાથી બની શકે કે સ્પામાં કોઈક એવા ધંધા ચાલતા હોય કે જેને કારણે આ વેન્ટિલેશન બંધ કરી દેવા પડ્યા હોય. વેન્ટિલેશન બંધ કરી દેવાનો કારણે જ્યારે આગ લાગી ત્યારે ધુમાડો બહાર નીકળવાને બદલે અંદર જ રહ્યો અને તે ઉપર સ્પામાં પહોંચી ગયો. જ્યાં યુવતી બાથરૂમમાં પુરાઈ ગઈ હતી ત્યાં પણ વેન્ટિલેશનના અભાવે આ ધુમાડો પહોંચી ગયો અને બંને યુવતીના મોત થઈ ગયા હતા.

## જીમ અને સ્પાના માલીક તેમજ બચી જનાર ત્રણ યુવતીને પોલીસ લઇ ગઇ

જયાં આગ લાગી હતી તે જીમના માલિક સાનુવાસ મીત્રી અને વસીમ ચૌહાણ છે. જયારે સ્પા અને સલુનના માલીક દિલશાન ખાન છે. આગની ઘટનામાં બચી જનાર ત્રણ યુવતીઓના નામ જયુસેલા સંગતમ થરક્યુસી અને થસરોલા છોતકસમીંગ અને અમી અવી હોવાનું જાણવા મળી રહ્યું છે. આગની ઘટનાને પગલે સ્પા અને જીમના માલીકો પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. તેમને પોલીસ પુછપરછ માટે પોલીસ સ્ટેશન લઇ જવાયા હતા. અને મોડી રાત સુધી પુછપરછ ચાલી રહી હોવાનું જાણવા મળી રહ્યું છે.

# લઘુ કદના રાજકારણીના ભાઈએ બે-બે હિન્દુ પત્નીઓ કરી છે

**હિન્દુ** મહિલાઓને જાળમાં ફસાવતા આ રાજકારણીના ભાઇ સામે કાર્યકરોમાં આક્રોશ



સુરતઃ પોતાની જાતને સમગ્ર વિસ્તારના ભાઈલોગ સમજતા લઘુ કદના રાજકારણીની મુશ્કેલીઓ પક્ષમાં પણ વધી શકે તેમ છે. કારણ કે તેઓ જે પક્ષમાં છે તેની વિચારધારાથી બિલકુલ વિપરીત આ લઘુ રાજકારણીના ભાઈએ પોતાના જ ઘરમાં બે-બે હિન્દુ પત્નીઓ રાખી છે. જેને પગલે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે આ મામલે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળે કેમ ભેદી મૌન ધારણ કર્યું છે? તે જેની મદદ માટે મહિલાને ધાકધમકી આપે છે તે કેસ સામાન્ય નથી. કારણ કે સગીર વયની દિકરી પોતાની મરજીથી પણ શરીર સંબંધ બાંધે તો તેને બળાત્કાર જ ગણી શકાય. તે જે પક્ષમાંથી આવે છે તેના સન્માનજનક નેતાઓ આવી પ્રવૃત્તિઓ કોઈ કાળે ચલાવી શકે તેમ નથી. એટલું જ નહીં તે એક જૈન સમાજની મહિલાને પણ ફસાવવા માટે જાળ બિછાવી રહ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

આ સમગ્ર કેસની જે માહિતી મળે છે તે બિહારના કોઈ રાજકારણી હોય તેવી સ્ટાઈલની છે. પરંતુ ધાકધમકી આપનારાએ સમજી લેવું જોઈએ કે આ ગુજરાત છે. ગુજરાતે તેની અસ્મિતા હજી પણ જાળવી રાખી છે. એટલે તેનો ભંગ કરનારને ગુજરાતની જનતા તો ઠીક પણ તેનો પક્ષ પણ ચલાવી શકે તેમ નથી. બીજી મહત્વની વાત એ કે તે જે પક્ષમાંથી આવે છે તે પક્ષ ધર્માંતરણનો સખત વિરોધી છે. એ ઉપરાંત બહુપત્નીત્વને તો આ પક્ષમાં કોઈ સ્થાન જ નથી. તેવો આદેશ વારંવાર ઉચ્ચ કક્ષાના નેતાઓ તરફથી મળતો આવ્યો છે. તેમ છતાં લઘુકદના નેતાના બંધુએ બે-બે હિન્દુ પત્નીઓ કરી છે. જેનાથી આ વિસ્તારમાં રહેતા પ્રજાજનોમાં એવો આક્રોશ છે કે જે ટાળી શકાય

...અનુસંધાન પાના 5 પર

## સૂર્ય છઠ પૂજાનું કાઉન્ટ ડાઉન શરૂ, તાપી તટે તૈયારીઓ પૂર્ણ



સુરતમાં વસતા અંદાજે 7 લાખ જેટલા ઉત્તર ભારતીયો ગુરૂવારે ઉગતા સૂર્યને અર્ધ્ય અર્પણ કરવા સાથે છઠ પૂજા મહાપર્વની એક મહત્વની વિધિ સંપન્ન કરશે. તાપી નદીના વિવિધ ઓવારાઓ તેમજ તળાવો ખાતે શ્રદ્ધાળુઓની સુવિધા માટે મંડપ બનાવવા સહિતની તૈયારીઓ પૂર્ણ થઈ ચૂકી છે. (તસવીરઃ હેમંત ડેરે)

અમેરિકામાં ટ્રમ્પની જીત થતાં સ્ટોક એક્સ્ચેન્જમાં તેજી, ને બુલિયન માર્કેટ તૂટ્યું

# લાભ પાંચમે ગ્રાહકોને લાભ, પ્રતિ 10 ગ્રામ 1835 રૂપિયા સસ્તું સોનું મળ્યું

**ધનતેરસનાં** દિવસે 24 કેરેટ સોનું ઓલ ટાઇમ હાઇ પર 81344 રૂપિયે હતું, લાભ પાંચમે ઘટીને 79,509 થતાં ગ્રાહકોને ચાંદી થઈ ગઈ

**કાપડ** માર્કેટ સહિત રિટેલ સેક્ટરમાં મુર્હૂતનાં સોદા થયાં પછી કારખાના દુકાનો ફરી બંધ, હવે આગામી સપ્તાહથી ધમધમાટ ચાલુ થશે

## નવેમ્બર-ડીસેમ્બરની લગ્ન સીઝનમાં દેશભરમાં 48 લાખ લગ્ન, 1.15 લાખ કરોડનું 144 ટન સોનું વેચાવાની આશા

ઇન્ડિયન બુલિયન જ્વેલર્સ એસોસિએશન ગુજરાત રીજિયનનાં પ્રેસિડેન્ટ નૈનેશ પચ્ચીગરે જણાવ્યું હતું કે આ વર્ષે આખો નવેમ્બર અને ડિસેમ્બર મહિનો લગ્નસરાની સિઝનનો છે. જાન્યુઆરીમાં કમૂરતા પછી લગ્નસરાની સિઝન જોતાં આવતીકાલે લાઈટ વેટ જ્વેલરીની સારી ખરીદીનો અંદાજ છે. હવે આવનારી લગ્ન સિઝનમાં આખા દેશમાં 48 લાખ લગ્ન યોજાય એવું અનુમાન છે. સોના ઉપર આનો ખર્ચ 1.15 લાખ કરોડ રૂપિયા થશે એવું અનુમાન છે અને સોનાની ડિમાન્ડ 144 ટન રહેશે એવું અનુમાન પણ છે. આખા વર્ષ દરમિયાન સોનું 15 થી 18% રિટર્ન આપે છે. લાભ પાંચમે દેખાવમાં ભારી અને વજનમાં હલકી જ્વેલરી ગ્રાહકોની પહેલી પસંદ બનશે.

સુરતઃ આજે લાભપાંચમનાં શુભ મુહૂર્તમાં સુરતની કાપડ માર્કેટસ્, જરીના કારખાનાઓ, વીવિંગ એકમો, મુર્હૂતનાં સોદાઓ માટે બે ત્રણ કલાક માટે ખુલ્યા હતા. લગ્નસરાની સિઝન માટે બહારગામ ડિમાન્ડ હોવાથી ટેક્સટાઈલ માર્કેટની કેટલીક દુકાનો પણ ખુલ્લી રહી હતી. લાભ પાંચમનાં શુભ મુહૂર્તે લગ્નસરાની સિઝન માટે સોના - ચાંદીનાં ઘરેણાંની ડિલિવરી લેવા શહેરના જ્વેલર્સને સારા ઓર્ડર મળ્યાં હતાં. નવરાત્રિથી દિવાળી સુધી

...અનુસંધાન પાના 5 પર

# 36.6 ડિગ્રી તાપમાન સાથે દિવસે તોબા પોકારાવતી ગરમી, રાત્રે આંશિક ઠંડક

**મહત્તમ** તાપમાનમાં 0.9 ડિગ્રીનો વધારો તો રાતનું તાપમાન 0.8 ડિગ્રી ઘટીને 22.4 રહ્યું

**ઉત્તરના** પવનો સક્રિય થતાં ઠંડી ટૂંકમાં શરૂ થવાની આશા વધી

સુરતઃ શહેરમાં હવામાનમાં પલટો જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગના તાજેતરના અહેવાલ મુજબ, ગઇકાલની સરખામણીએ આજે તાપમાનમાં થોડો વધારો નોંધાયો છે, જેના કારણે શહેરમાં ગરમી વધુ અનુભવાઈ રહી છે. જોકે વહેરી સવારે ઠંડીનો અહેસાસ થયો છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ ગઈકાલની સરખામણીએ આજે મહત્તમ તાપમાનમાં 0.9 ડિગ્રીનો વધારો થયો છે, જ્યારે ન્યૂનતમ તાપમાનમાં 0.8 ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. આ સાથે ભેજના સ્તરમાં 2 ટકા ઘટાડો થયો છે. જેના કારણે થોડી વધુ ગરમીનો અનુભવ થઈ રહ્યો છે.

હવામાન તંત્રએ આગાહી કરી

...અનુસંધાન પાના 5 પર

# નોટિસ વિના જ ડિમોલીશન?: સુરત મ્યુનિ. કમિ.- અધિકારીઓને હાઈકોર્ટની નોટિસ

**ઉધના** ઝોનના વડોદમાં વર્ષોથી રહેતાં પરિવારને ઘરની બહાર કાઢી, સામાન ફેંકી ઘરનું ડિમોલીશન કરી નાંખ્યું હતું

સુરતઃ સુરત મનપાના અધિકારીઓ દ્વારા કોઈ જાતની નોટિસ આપ્યા વગર રહેણાંક તોડી પાડ્યાની રીટ હાઈકોર્ટમાં સાધનાબેન બડગુજરે નામના અરજદારે કરી હતી. આ અરજી પરની પ્રાથમિક સુનાવણી બાદ હાઈકોર્ટના ન્યાયમૂર્તિ મૌના ભટ્ટે સુરત મ્યુનિ. કમિશનર તથા કોર્પોરેશનના અન્ય અધિકારીઓને નોટિસ ફટકારવાનો હુકમ કર્યો છે. તેમજ વધુ સુનાવણી માટે 19મી નવેમ્બરનો દિવસ આપ્યો છે.

વિસ્તૃત વિગતો મુજબ ઉધના ઝોનમાં સમાવિષ્ટ વડોદની સત્યનારાયણ નગર સોસાયટીના પ્લોટ નં. 16, 17 ઉપર પાકું ઘર બાંધીને રહેતાં સાધનાબેન ઈશ્વરભાઈ બડગુજરે તેમના એડવોકેટ નિમિષ એમ. કાપડિયા મારફત હાઈકોર્ટમાં સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન દાખલ કરી રજૂઆત કરી હતી કે, તેઓ વડોદ વિસ્તારમાં સત્યનારાયણ સોસાયટીમાં પોતાના પતિ અને એક દિવ્યાંગ સહીત બે બાળકો સાથે રહેતાં હતા.

વર્ષ 2021માં તેમણે બંને પ્લોટ બાંધકામ સહિત ખરીદીને એસ.એમ. સીના ટેક્સ બિલમાં પોતાના નામે ચઢાવેલા હતા. પાણી કનેક્શનની ફી ભરેલી, પોતે ઈલેક્ટ્રિસિટી કનેક્શન ધરાવતા હતા અને એક વર્ષ પહેલાં લગભગ 634 સ્કવેર ફિટનું રૂપિયા 9.5 લાખના ખર્ચે રિનોવેશન કરાવ્યું હતું. જે ઘરની હાલની કિંમત રૂપિયા ત્રીસ લાખ છે. દરમિયાન અગાઉ કોઈ જાતની નોટિસ આપ્યા વગર 1લી ઓક્ટોબરના રોજ ઉધના ઝોનના અધિકારીએ પરિવારને ઘરની બહાર કાઢી સામાન ફેંકી દઈ ઘરનું ડિમોલિશન કર્યું હતું. તેથી અરજદારે પોલીસ ફરિયાદથી માંડીને વિવિધ સક્ષમ સત્તા સામે રજુઆત કરી હતી. પરંતુ કોઈ જવાબ ન મળવાથી તેમણે હાઈકોર્ટમાં ઉક્ત રિટ પિટિશન કરી મનપા દ્વારા તેનું ઘર ફરીથી બનાવી આપવામાં આવે તેમજ જવાબદાર અધિકારીઓ સામે તાકીદે પગલા

...અનુસંધાન પાના 5 પર


અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦





સ્વ. પુષ્પાબેન મોહનભાઈ પટેલ
સ્વ. તા. ૦૭/૧૨/૨૦૧૯
પંચવટી પરિવાર જલારામ નિવાસ મુ. ભાટિયા તા. ચોર્યાસી, જી.સુરત

શ્રધ્ધાંજલિ

સમય સરી ગયો, વખત વહી ગયો, રહી ગઈ તમારી ખોટની વ્યથા અને વેદના કે જે ન કહેવાય ન સહેવાય, અમારા ચહેરાના આકારમાં, અમારી આંખના આંસુમાં, અમારી યાદોમાં, મીઠા સ્વપ્નોમાં, સમજણમાં તમે હજી છો.... હજી છો.... તમારા ચરણે ધરીએ અંજલિના ફૂલ, કેમ ચૂકવીએ આપના મૂલ, પ્રભુ આપના આત્માને શાશ્વત શાંતિ પ્રદાન કરે એવી પ્રાર્થના.

લિ. મોહનભાઈ રણછોડજી પટેલ

રાજેશભાઈ મોહનભાઈ પટેલ - પુત્ર
અંજનાબેન રાજેશભાઈ પટેલ - પુત્રવધુ
વાસંતીબેન ભુપેન્દ્રભાઈ પટેલ - પુત્રી
ગીતાબેન હિતેશભાઈ પટેલ - પુત્રી
રેખાબેન અજીતભાઈ પટેલ - પુત્રી
હર્ષીદાબેન અજયભાઈ પટેલ - પુત્રી
વિરાજકુમાર રાજેશભાઈ પટેલ (USA) પૌત્ર યુવરાજ રાજેશભાઈ પટેલ - પૌત્ર
નેહા, દેવ્યાંશી, ખુશી, જય, કીર્તન, રૂદ્ર, પૂર્વ (યુ.એસ.એ) પૌત્ર
તથા પંચવટી પરિવારનાં જય જલારામ





સ્વ.કમળાબેન (જીણીબેન) ઠાકોરભાઇ સેલર
સ્વ.તા.૦૩/૧૧/૨૦૨૪

દુ:ખદ અવસાન/બેસણું

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા માતૃશ્રી ગં.સ્વં.કમળાબેન (જીણીબેન) ઠાકોરભાઇ સેલર તા.૦૩/૧૧/૨૦૨૪ના રોજ સ્વર્ગવાસ પામ્યાં છે. એમના આત્માની શાંતિ અર્થે તા.૦૭/૧૧/૨૪ ગુરુવારનાં રોજ સાંજે ૫.૦૦ થી ૭.૦૦ કલાકે પ્રાર્થનાસભા રાખવામાં આવી છે.

નોંધ:- લૌકિક રિવાજ સદંતર બંધ રાખેલ છે

: શોકાતુર પરિવાર :

રાજેશ ઠાકોરભાઇ સેલર(પુત્ર)
જયાબેન દેવજીભાઇ સારંગ (બહેન)
સોનલ રાજેશભાઇ સેલર (પુત્રવધુ)
જયશ્રી હરીશ સારંગ (પુત્રી)
કુનાલ રાજેશભાઇ સેલર (પૌત્ર)
નયના ભુપેન્દ્ર સારંગ (પુત્રી)

:: પ્રાર્થના સભા સ્થળ ::
રોટરી હોલ, જીવનભારતી સ્કુલ, સિધ્ધ-શિલા એપાર્ટમેન્ટની સામે, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત.





સ્વ. ભરતકુમાર નગીનદાસ ગાંધી (વાવવાળા)
જન્મ તા.: ૧૨-૭-૧૯૪૯
સ્વ.તા.: ૦૭-૧૧-૨૦૨૧

ત્રીજી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

પ્રેરણાદાયી પંચામૃત જીવનમાં સ્નેહ સદ્ભાવ અને સંસ્કારોનો શિલાલેખ બનાવી, કુટુંબ અને સમાજમાં સ્નેહ સંબંધો દ્વારા દિવ્યતાની અખંડ જ્યોત જગાવી, સૌ કોઈનો મીઠો આવકારો આપનાર અમારા પ્રેરણામૂર્તિને ભીની આંખે અને ભારે હૈયે કોટી કોટી શ્રદ્ધાંજલિ અર્પણ...

લિ. નિલાંજલિ ગૃપ